શ્રી

જૈનચિંતામણિસ્તવનાવલિ.

—:0:—

જેમાં

ગરબા, ભમરા, ઠુમરી, ગઝલ, ફેરઆે, સોરઠ, પંજાબી,

ઈત્યાદિ તરેહવાર રાગના સ્તવનો

તે સર્વ

(જૈન ધર્મ પાળનારા)

શોખીન અનુરાગીને વાસ્તે

પ્રગટ કરનાર

ધર્માનુરાગી.

મુંબઈ.

ધી [illegible] પ્રીન્ટીંગ પ્રેસમાં

[illegible] છાપી.

સંવત ૧૯૫૦ ના સને ૧૮૯૪.

કિંમત ચાર આના.

પ્રસ્તાવના.

શ્રી જૈન ચિંતામણિ સ્તવનાવલિ નામનો અતિ નાનો પણ નુંરદાર રાગ રાગણીઓથી ભરેલો સ્તવનોનો સંગ્રહ છપાવી પ્રકટ કરવાનું કારણ એ છે કે હાલમાં આપણા જૈન ધર્મ પાલનારા સ્ત્રી પુરૂષો કેટલાક પરધર્મના ગાયનો ગાઇ અથવા સાંભળી પોતાના મનને રંજન કરે છે તેમ ન કરતાં, તેવાજ બલકે તેથી સરસ રાગ રાગણીઓ, જેમાં પોતાના પરમેશ્વરનું નામ, અને જીવનું કલ્યાણ રહેલું છે એવા સ્તવનોથી પોતાનું મનરંજન કરે તો ઠીક, તેવા હેતુથી આ નાનો રાગ રાગણીઓના સ્તવનનો સંગ્રહ હું મારા સર્વ જૈન ધર્માવલંબીઓને અર્પણ કરૂં છું

લી૦ ધર્માનુરાગી

ટો૦ વ૦

૨૨૪૯

શ્રીજિનાય નમઃ

———:o:———

અથ સ્તવન.

રાગ (સહિયર શીદને વોળાવો મુંને સાસરે જો) ગરબાનો

ધન ધનરે દીવાળી મારે આજની જો, મેં તો છબી નિરખી જિનરાજની જો; ધન ધનરે. ટેક૦॥ પહેરી આંગી અલૌકિક જાતની જો, માંહી બુટ્ટી દીસે ભાત ભાતની જો; ધન ૦॥ ૧॥ મણિ હીરલા મુગટમાં જડયા બહુ જો, કાને કુંડલની સોભા શી કહું જો; ધન૦॥ ૨॥ મને કૃપા કરી તે હું કહું કશી જો, મારે વહાલે મુજ સામું જોયું હશી જો; ધન ૦॥ ૩॥ પ્રભુ શાંતિ જિણંદ હૃદયે વસ્યા જો, થઇ સૂરશશિની ચડતી દસ્યા જો; ધન ૦॥૪॥

સ્તવન.

રાગ. (ઓધવ નંદનો છયો તે નમેરો થયો જો.) ગરબાનો.

ધન ધનરે ચોઘડીયું મારે આજનું જો, મેં તો મુખડું જોયું જિનરાજનું જો; ધન ૦॥ ટેક.॥વાલાના વદન પર વારી કોટિક ચંદ્રમા જો, પ્રભુને નિશદિન વસ્છુંછું હું તો મમાં જો; ધન ૦॥ ૧॥ પ્રભુનું મુખડું જોતાં રઢ લાગશે જો, દુઃખ જનમ મરણનાં ભાગશે જો; ધન ૦॥ ૨॥ વાલો મનનાં માન્યાતે સુખ આપશે જો, કરી પોતાનો અક્ષય પદ થાપશે જો; ધન ૦॥ ૩॥ ગાઓ ગીતગાન તાન રસ સોહામણા જો, સૂરશશિને સદાએ વધામણાં જો; ધન ૦॥ ૪॥

સ્તવન.

રાગ. (બાલકૃશનજી છેલ બિરાજતાં જો.) ગરબાનો.

ધન ધન આજનો દિન રળિઆમણો જો, સૂરજ સોનાનો ઉગ્યો સોહામણો જો; ધન ૦॥ ટેક૦॥ વાંહાણુવાતાં પ્રભુને ચરણે નમ્યો જો, જિનરાજ તે માહરે મન ગમ્યો જો; ધન ૦॥ ૧॥ નવ ગ્રહ સમા થયા મારે આજથી જો, વલી દિશા તે શ્રી જિનરાજથી જો; ધન ૦॥ ૨॥ મુખ જોતાં તે દુઃખ સર્વે ગયું જો, વાલાનું ધ્યાન સદા ચિત્તમાં રહ્યું જો; ધન ૦॥ ૩॥ આપી સેવા તે શુદ્ધ મનથી ખરી જો, સૂરશશિ ઊપર કરૂણા કરી જો; ધન ૦॥ ૪॥

સ્તવન.

રાગ. (મહા કોપ થયો તે કલિ કાલમાં જો.) ગરબાનો.

મારે આજ આનંદ વધામણાં જો, હું તો લેઉંરે વાલાજીના ભામણાં જો; મારે ૦॥ ટેક.॥ મુને દાસ પોતાનો જાણીઓ જો, અથડાતાં ઠેકાણે આણીઓ જો; મારે ૦॥ ૧॥ આપ્યું દર્શન જે દુર્લભ દેવને જો, મુને કહ્યું તું રેહેજે મારી સેવમેં જો; મારે ૦॥ ૨॥ એવો દીધો ભરૂસો સાચા ગુરૂ જો, પ્રભુ વિના જગતમાં મિથ્યા સહુ જો; મારે ૦॥ ૩॥ મેહેર કરીને મ્હારા મનમાં રમ્યા જો, સૂરશશિને જિનરાજજી ગમ્યા જો; મારે ૦॥ ૪॥

સ્તવન શ્રીપાર્શ્વનાથજીનું.

રાગ. (આવજો આવજો આવજોરે) રાસુડાનું

મલાવનાં મિલાવનાં મિલાવનાંરે, ગોડીજીકો દરશ મિલાવનાં; ટેક૦॥

અનુભવ મેવા ભેજદે પ્રભુજી, ઉન મોહે દરિશ દેખાવનાંરે; ગોડી૦ ॥ ૧॥ અંતરયામી અંતર નિરખ્યો, દિયો દરિશન સુખ પાવનાંરે; ગોડી ૦॥ ૨॥ રામવિબુધ કહે જિન પ્રભુ પ્યારા, તનકા તાપ મિટાવનાંરે; ગોડી ૦॥ ૩॥

સ્તવન.

રાગ. (ઘર જાનદે છાંડદે મેરી બૈયાં) કન્હડો.

રિત સર્વથી ન્યારી, હોજી તારી રિત સર્વથી ન્યારી; ટેક૦॥ મુઠી બાકુળા માટે પ્રભુ રીઝયા, ચંદન બાળાને તારી; હો ૦॥ ૧॥ ચંદ-કોશિયો ગયો દેવ લોકે, કરણી તે કેઇ સુધારી; હો ૦ ॥ ૨॥ સૂર-શશિના વાલા રસિક શિરોમણી, ચરણ કમલ બલિહારી; હો૦॥ ૩॥

સ્તવન.

રાગ. (હેજી કહાં ગયો સેજાદા જાની પ્યારા.) કુમરી.

આંખલડિ અણીયાલી, હોજી તારી આંખલડિ અણીઆલી; ટેક.॥ આંખડી જોઇ મારૂં મન લલચાણું, વદન સકોમલ બાલી; હો ૦॥ ૧॥ નૈન કચોળાં રૂડાં પ્રેમનાં ભર્યાં છે, કિકી મનોહર કાલી; હો ૦॥ ૨॥ નખ શીખ રૂપ ત્હારૂં જે નિરખે, નિત નિત તેને દી-વાલી; હો ૦॥ ૩॥ સૂર શશિના વાલા રસિક શિરોમણી, લાગીછે તુમ સંગ તાલી; હો ૦॥ ૪॥

સ્તવન.

રાગ (ભઈરવી.)

મુખડલાને મટકે, હોજી તારા મુખડલાને મટકે; ટેક.॥ અધૂર પ્ર

હસીને જુઓછો, મન હરિલ્યોછો લટકે; હો ા૧ા ભ્રુગુટી બાણ મારોછો મોહના, કાલજા વચ્ચે ખટકે; હો ા ૨ા વશીકર્ણવિદ્યા વશાવોછો નેણમાં, તુમ ચરણે ચિત્ત અટકે; હો ા ૩ા સૂરશશિના વાલા રશિક શિરોમણી, લોહેર આવેછે પ્રભુ ચટકે; હો ા૪ા

સ્તવન શ્રીપાર્શ્વનાથનું.

(રાગ) પંજાબી

શ્રીજિન પાસ દયાલસે, લગા મેરા નેહરા; શ્રી જિનપાસ૦ા તું સદા નીલા, લગાં મેરા નેહરા. ટેક૦ ા હાલ હકિકત તુંહી જાને, જયું વીતે દયાળ; લગા ા ૧ા અશ્વસેન નંદન જગ વંદન, વામાજીકે લાલ; લગા ા૨ા હરખચંદ સેવક અપનનકા, મિટે ભવ જંજાલ. લગા ા ૩ા

સ્તવન શ્રીમહાવીર સ્વામીનું.

(રાગ) પંજાબી

બાજત રંગ બધાઇ નગરમે; બાજત૦ાટેક જય જય કાર ભયો જિન શાસન, વીર જિણંદકી દુહાઇ નગરમે; બા ા ૧ા સબ સખિયન મિલ મંગલ ગાવે, મોતીઅન ચોક પૂરાઈ; ન૦ બા ા ૨ા કેસર ચંદન ભરિય કચોલી, સાહેબ જયોતિ સવાઇ; નગ૦ બા ાં ૩ા હરખચંદ પ્રભુ દર્શન દેખત, હેજસં આવત નૈન ભરાંઇ; ન૦બ૦ ા૪ા

સ્તવન શ્રીનેમનાથજીનું.

રાગ ગઝલ (ઈંદરસભાનો)

રાજુલ પોકારે નેમ પિયા એસી ક્યાકરી, હમે છોડકે ચલે ચૂક હમ.

સે ક્યા પડી. રાજુ ॥ ૧॥ હુઇ આશકી નિરાશ, ઉદાસીનતા ઘડી; પ્યારા બસ નહી હમેશ, પ્રીતમ પીડમે પડી. રાજુ ॥ ૨॥ હમસે રહયો નજાય, પ્રીતમ તુમબિના ઘડી; સંગ લીજીએં દયાલ, દયા ધર્મ આદરી. રાજુ ॥ ૩॥ નિશદિન તુમેરાં નામ, દેતે જ્ઞાનકી ઝરી; મુનિ ચંદવિજય ચરણકમળ, ચિત્તમે ધરી. રાજુ ॥ ૪॥

સ્તવન શ્રીનેમનાથજીનું.

રાગ (ઉપર પ્રમાણે)

રાજુલ કહે નાથ ગયે, સાથ પરહરી; નહીં અર્જ મેરી ગર્જ, કછુ દિલમેં ધરીં; રાજુ ૦॥ ૧॥ તેરે દર્શકી મેં તર્સી, દેખું મેહેલ પર ચડી; દેખી નાથ સાથ જાન, મેરા આંખિયાં ઠરી. રાજુ૦॥ ૨॥ આયો તોરનસેં ફીરાયો, રથ સ્યામને ફરી; કીની પશુઅનપેં મ્હેર, ફેર અમેં કયા કરી. રાજુ ૦॥ ૩॥ આઠ ભવકી જાણી પ્રીત, રીત દિલમેં ના જરી; આયે નવમેં ભવ જોગ, ભોગ ગયે બીસરી. રાજુ ૦॥ ૪॥ છોડી રાજુલસી નાર, લિનિ શિવ વધૂ વરી; કહે સૂત પ્રભુદાસ ચિત્ત, ચર્ણસેં ધરી; રાજુ ૦॥ ૫॥

સ્તવન.

રાગ (મીઠી આંખલડી મારીને કાલજું કોરીઉંરે)

લાગી તેરે દરશકી ખુમારી આંરે. ખુમારીઆં ખુમારીઆં ખુમારીઆં-રે; લાગી. ટેકા ભાંગ ધતૂરો મુને કેફ ન ભાવે, બિનકેફે સુધ્ર બીસારીયાંરે; લાગી ૦॥ ૧॥ જ્ઞાનકે બાન ભરી ભરી મારે, મારી મોહે પ્રેમ કટારીયાંરે; લાગી ૦॥ ૨॥ તું તું કરતાં મઘન ભયોહે, રૂપચંદ પિયા વારીયાંરે; લાગી ૦॥ ૩॥

સ્તવન.

રાગ (મોરી અખિયાં ફરકન લાગી) ઠુંમરી

પ્રભુ ભજલે મેરા દીલ રાજી, પ્રભુ ભજલે. ટેક.॥ આઠ પોહોરકી ચોશઠ ઘડીયાં, દોઘડીયા જિન સાજી; પ્રભુ ૦ ॥ ૧ ॥ દાન પુણ્ય કછુ ધર્મ કર લે, મોહ માયાકું ત્યાગી; પ્રભુ ૦॥ ૨॥ આનંદઘન કહે સમજ સમજલે, આખર ખોવેગા બાજી; પ્રભુ ૦॥ ૩॥

સ્તવન.

રાગ (લપટ જપટ છલ હમસેં કીનો સંયાં)

ચેતન કાચીરે મટ્ટીકા ડેરા. ટેક॥ પડ ગયા બુંદ બીખર ગયાડેરા, લોક કહે ઘર મેરારે; ચેતન ૦॥ ૧ ॥ ઊપર પટતેં ભૂખણ સોહે, ભીતર ખોત અંધેરારે; ચેતન ૦ ॥ ૨ ॥ જૂઠા ઠાઠ ઠઠા દુનિયાંમે, જૂઠા તન ધન મેરારે; ચેતન ૦॥ ૩॥ એહી અરજ તું કરલે ભાઈ, એ જગ કો નહીં તેરારે; ચેતન ૦॥ ૪॥ નવલ કહે છિન છિન મત બિસરો, અપના કરલો સવેરારે; ચેતન ૦॥ ૫॥

સ્તવન શ્રીનેમનાથજીનું.

રાગ (નજરા ગયો બાલમ તેરે અંગના)

રહો રહોરે જાદવ રાએ દોય ઘડીયાં, દોયે ઘડીઆંએ અબ ચાર ઘડીયાં; રહો રહોરે: ટેક.॥ પ્રેમકા પ્યાલા બહોત મશાલા. પીવત મધુરી સેલડીયાં; રહો ૦॥ ૧॥ હાથસું હાથ મિલાઇ દીઓ [illegible]ડી, ફુલડાં બીછાવું સેજડીયાં; રહો ૦॥ ૨॥ રાજુલ છોડી ચલે

ગિરનારે, દીપતાં મોહન વેલડીયાં; રહો ૦॥ ૩॥ રૂપચંદ કહે નાથ નિરંજન, મુક્તિવધૂ ગુણુ સેલડીયાં; રહો ૦॥ ૪॥

સ્તવન શ્રીપાર્શ્વનાથનું.

રાગ (અપને સાહેબજીકે આલમકે લાચ)

આજકી આંગી જોર બની, ગોડી પાર્શ્વ જિનેશ્વર કે અંગકી; આજકી. ટેક॥ કેસર ચંદન ચર્ચું અંગે, બીચ માંહે બુટ્ટી ગુલાબનકી; આજ ૦॥ ૧॥ ચંદ્ર જ્યોત તારૂં મુખડું બિરાજે, તેરે બદનોકી જાઊં બલીહારી; આજ ૦॥ ૨॥ કહે મલુકચંદ એ પ્રભુ સાચો, પૂજા કરો એ જિનેશ્વરકી; આજ ૦॥ ૩॥

સ્તવન શ્રીનેમનાથજીનું.

રાગ (કુવેપર આશાન જોગીકા મેંતા જોગી) ફેરબો

ભલાજી મેરો નેમ ચલ્યો ગિરનાર, એકેલી જાનસેં; મેરો. ટેક॥ રાજુલ ઊભી અરજ કરેછે, ભલાજી મેરી અરજ શુનો મહારાજ; એકેલી ૦॥ ૧॥ તોરન આયે ચલે રથ ફેરી, ભલાજી વાંતો પશુયનકી સુનીછે પોકાર; એકેલી. ૦॥ ૨॥ સહેસાવનકી કુંજગલનમેં, ભલાજી વાંતો પંચ મહાવ્રત ધાર; એકેલી ૦॥ ૩॥ હરખચંદ પ્રભુ રાજુલ વિનવે, ભલાજી મેરો હોજો મુક્તિમેં વાસ; એકેલી ૦॥ ૪॥

સ્તવન શ્રીપાર્શ્વનાથજીનું.

(રાગ) ઠુમરી

પારશનાથ આધાર પ્રભુ મેરો રે. પારસ ૦॥ ટેક: આ ભવ

ભવ વંચ્છિત પૂરે, શિવપદકો દાતારરે; મેરો૦॥૨॥ વામાજીકો નંદન નિરખ્યો, તે પામ્યા ભવ પારરે; મેરો ૦॥૨॥ કહેત શામલ આશા પૂરો મેરે મનકી, સેવકની કરો સારરે; મેરો ૦॥૩॥

સ્તવન શ્રીમહાવીર સ્વામીનું.

રાગ (જાગીયો વાયદો જુલાઈનોરે) રાસુડાનું

બલીહારી જાઉં વારી મહાવીર તારી, સમોવ સરણુકી બલીહારી. ટેક.॥ ત્રણ ગઢ ઉપર તખ્ત બિરાજે, બેઠીછે પરખદા બારી; મહા ૦॥૧॥ વાણી જોજન સહુ કોઈ સાંભલે, તાર્યાંછે નરને નારી. મહા૦॥૨॥ આનંદઘન પ્રભુ એણીપેરે બોલે, આવ્યાતે ગમનનિવારી; મહા ૦॥૩॥

સ્તવન શ્રીનેમનાથજીનું.

રાગ (મારૂજી ચાંદની રાત) સોરઠ

ઓહરીયાલો ડુંગર પ્યારો. ટેક.॥ ઘુંડત ઘુંડત ગઈ ગિરનારે, મિલગયો નેમ પ્યારોરે; ઓહરી ૦॥૧॥ સહસા વનકી કુંજગલનમેં, લીધોછે સંજમ ભારોરે; ઓહરી ૦॥૨॥ ચંદશ્રી કહે જોડુ શ્રી જિનવર, આ ભવથી મુને તારોરે; ઓહરી ૦॥૩॥

પ્રભાતિ સ્તવન.

(રાગ) કલ્યાણ

જાગ જાગ રયણગઈ, ભોરભયો પ્યારે; પંચકુ પ્રપંચકર, વસકુમારે. જાગ ૦॥૧॥ તૃષ્ણામે મીનમરે, ભોગમેં મતંગા; શ્રવણુ કુરંગમરે, નયનમેં પતંગા. જાગ ૦॥૨॥ વાસનામેં ભમર મ-

રે, નાશારશ સેતાં; એકએક ઈંદ્રીશંગે, મરે જીવ કેતા. જાગ ૦॥ ૩ ॥ પંચકે પડયો તું ફંદ, કયું કરી વસ આવે; મ્હાર તું મન ઇચ્છાભૂત, જયું નિરંજન પાવે. જાગ ૦॥ ૪ ॥

સ્તવન

(રાગ) સોરઠ

રાજરી બધાંઇ બાજે છે. ॥ટેક.॥ સરણાંઇ સિરોફા નોબત બાજે, ધનજયું ગાજેછે; રાજ ૦॥ ૧ ॥ ઈંદ્રાણી મિલમંગલ ગાવે, મોતી-અન ચોક પુરાવેછે; રાજ ૦॥ ૨॥ શ્યામ પ્રભુજીસું અરજ કરે-છે, ચરણકી સેવા પ્યારી લાગેછે; રાજ ૦॥ ૩ ॥

સ્તવન

રાગ (એક પરીને મારા મોહે એક પરીને મારા)

અનુભવ મિત્ર મીલાદે મોકું, શ્યામ સુંદર વર મેરા; ટેક.॥ શિયલ ફાગ પિયાસે રમુંગી, ગુન માનુંગી મે તેરા; જ્ઞાન ગુલાલ પ્રેમ પિચ-કારી, શુચિ શ્રધ્ધા રંગ ભેરા; અનુ ૦॥ ૧ ॥ પંચ મિથ્યાત નિ-વાર ધરૂંગીમેં, સંવર વેસ ભલેરા; ચિદાનંદ એૈસી હોરી ખેલત, કબહુ નહોય ભવ ફેરા; અનુ ૦॥ ૨ ॥

સ્તવન

રાગ (સુન કશશકાં મીલાહુયે ગુની પ્યારારે)

ડુંગર પ્યારોરે મે મોતીડે વધાવુંરે. ॥ટેક.॥ ડુંગર ફરસત પાપ મિ ટતહે, ગિરિ નિરખિત આનંદ પાવુંરે; ડુંગર ૦॥ ૧ ॥ કક્કર ક્કર સિધ્ધા અનંતા, આદિનાથ તણા ગુણ ગાવુંરે; ડુંગર ૦॥

સૂરજ કુંડ નાહી નિરમળ થઇએં, કરી પૂજા આંગી રચાવું રે; ડુંગર ૦ ॥ ૩ ॥ હાથી પોળમે અરિહંતજીને દેહરે, ધરી નિવેદ ભાવના ભાવું રે; ડુંગર ૦ ॥ ૪ ॥ નથુ કલ્યાણ કવિ દીપનો શ્રાવક કહે, શ્રધ્ધાથી સમકિત પાવું રે; ડુંગર॥૫॥

સ્તવન શ્રીઋષભનાથજીનું.

રાગ(માતાજી મને મહેર કરી રજા આપોરે) ઠુંમરી.

આદિજિન અંતરજામી જગ વિસરામી ચંદા રે. ॥ ભેટતાં ભવ દુઃખ જાયે, સેવંતાં શિવ સુખ થાયે; આદિ. ॥ ટેક. ॥ બાર દેવિના જાયારે, નાભીરાયા કુલ આયારે; પાંચશેં ધનુષની કાયા, વૃષભ લંછન પાયા; કંચન વરણી છે કાયા, સેવે ઇંદ્રજ પાયારે. ॥ આદિ. ॥ ૧ ॥ પુજા કરવા આવું રે, કેશર ચંદન લાવું રે; બહુ ઠાઠ પાઠશે પુજું, મુજ મનડું તુજશેં રિઝયું; હરખેંથી કારજ સીધ્યું, વંદુ એકર જોડીરે. ॥ આદિ ॥ ૨ ॥ પુજા મન અવધારો રે, સેવકને અબ તારો રે; હું રહું તમારી પાંસે; આનંદ અતિ ઉલ્હાસેં; શિવ કેલી સુખ નીવાસેં, લ્યોઆ શું તુમ પાસેં રે. ॥ આદિ. ॥ ૩ ॥ વિધિયે જે પ્રભુ પુજે રે, તસ પાપ કર્મ સબ ધ્રુજે રે; શિવ સુખનો સ્વાદ તે ચાખે, જ્ઞાની એમ શાસ્ત્રે ભાખે; કુમતિયા પાપી તર્ક કરે, અજ્ઞાને ભર્યા રે. આદિ. ॥ ૩ ॥ એક નવ ત્રણ સંગ સાલે રે, સુભ અષ્ટમ માસ મે રે; ઉજ્વલ ચઉદશ દિન રૂડો, ખંડન મત કરવા કુડો; જૈન-પ્રસારક મંડલી, આ સ્તવન ભાખે રે ॥ આદિ. ॥૪॥

સ્તવન શ્રીપાર્શ્વનાથજીનું.

રાગ (મહોલે પધારો મહારાજ મણીધર મહોલે પધારો)

પ્રભુ પાર્શ્વનાથ આધાર, મુગત ગઢનાં છો વાશી; પામ્યા-છો ભવજલ પાર; મુગત. ॥ તુંમ વંદુ વાર હજાર; મુગત. ॥ ટેક. ॥વામા ઉરસર હંસલો, સરદ પુનંમ શશિ રૂપ; ઈંદ્રાદિક સહુ મોહિયા તુજ ગુણ રૂપસે અનુંપ. ॥ મુગત. ॥ ૧ ॥ અસ્વસેન કુલ ઊધર્યો, પુત્ર થઈ મનોહાર; સુખી કર્યા સહુ જીવને, ધરી હૃદયે કરૂણાહાર. મુગત. ॥ ૨ ॥ મતિ શ્રુત અવધિતણા, જન્મથી ધારણ હાર; મન-પર્યવ કેવલ પછી, થયા સર્વજ્ઞ તારણહાર. મુગત. ॥ ૩॥ ॥ સંસાર અબ્ધિ તરણ શં, તુમ ભકિત પોતસમાન; વરસે તુમ પદ નિશ્ચયે, ધરસે તુમ અંતર ધ્યાન. ॥ મુગત. ॥ મહા ધર્મરાજ પ્રભુ આવીયાં, ભાવનગર મોઝાર; સ્તવન કરે તુમ ચંદ્ર મુખ, જૈનધર્મ મડંલી સુખકાર. ॥ મુગત. ॥ ૫ ॥

સ્તવન શ્રીરૂષભનાથજીનું.

રાગ (ફાગુનકે દિન ચાર, સખીરી અપને.) હોરી.

પ્રભુજી વંદન કરવાને આવ્યો સેવક, મહેર કરોમહારાજ. ॥ ટેક. ॥ શાંત સુધારશ વાગ નિરૂપમ, અમૃત રસભર ઝાઝ. ॥ પ્રભુજી॥ ૧ ॥ માર. જીત પ્રભુ ચુર્ણ કરી મદ, પામ્યા કેવલ ભ્રાજ . ॥ પ્રભુજી. ॥ ૨ ॥ કેવલ પામી અબ્ધી તરીને, શિવપુર બનીયા તાજ. ॥ પ્રભુજી. ॥ ૩ ॥ અમૃત દર્શ પીવન કરવાથી, ત્રૃપણા છીપે મુનીરાજ. ॥ પ્રભુજી

ભાવનગર સુંદર બંદરમેં, બેઠા શ્રીજિનરાજ. ॥ પ્રભુજી. ॥ ૫ ॥
જૈનધર્મ મંડલી અતિ હરખે, સ્તવન ભણે છે આજ. ॥ પ્રભુજી ॥ ૬ ॥

સ્તવન શ્રીસીધાચલજીનું.

રાગ (હમકું છોડ ચલે બન માધુ) બાર માશાનો.

અબતો પાર ભયે હમ સાધુ; શ્રીસીધાચલ દર્શ કરી રે, અબતો. ॥ ટેક. ॥ આદીશ્વરજિન મહેર કરી અબ, પાપ પડલ સબ દૂર ગયે રે; તનમન પાવન ભવીજન કેરો, નિરખી જિનંદચંદ સુખ થયો રે. ॥ અબતો૦ ૧ ॥ પુંડરીક પમુહામુની બહુ શીષ્યા, શીધજાત્ર. હમજાચલહયા રે; પશુ પંખી જીહાં છીનમેં તરીયા, તો હમદઢ વિશ્વાસ ગ્રહ્યો રે. ॥ અબતો૦ ૨ ॥ જિનગણધર અવધી મન નાંહી, કોણ આગેહું પોકાર કરું રે; જેમ તેમ કરી વિમલાચલ ભેટયો, ભવસાયરથી નાંહીં ડરું રે. અબતો૦ ॥ ૩ ॥ દુર દેશાંતર મે હમ ઉપને, કુગુરુ કુપંથકું જાલ કર્યો રે; શ્રીજિન આગમ હમ મન માન્યો, તવહી. કુપંથકો જાલ જર્યો રે ॥ અબતો૦ ॥ ૪ ॥ તો તુંમ સરણ વિચારી આયો, દીન અનાથકું શરણ દીયો રે, જો વિમલાચલ પુરણ સ્વામી, ॥ જનમ જનમ કો પાપ ગયો રે. ॥ અબતો૦ ॥ ૫ ॥ દુર ભવી અભવ્ય ન દેખે, સુરી ધનેશ્વર એમ કહ્યો રે, વિમલાચલ ફરશે જો પ્રાણી, મોક્ષ મેહેલ તેણે વેગે લહયો રે. ॥ અબતો૦ ॥ ૬ ॥ જયો જગદીશ્વર તું વિમલેશ્વર, પુરવનવાણું વાર થયો રે; તવ શરણ રાયણ તલે તેરો, નિરખી મમ અઘદુર ગયો રે.

॥ અબતો૦ ॥ ૭ ॥ શ્રીવીમલાચલ મુજ મન વશિયો, માનું સંસારનો અંત થયો રે; જાત્રા કરી મનસંતોષ ભયો અબ, જન્મ મરણ દુખ દુર ગયો રે. ॥ અબતો૦ ॥ ૮ ॥ નિર્મલ મુનિજન જો તેં તારયાં, તે તો પ્રસિદ્ધ શિદ્ધાંત થયો રે; મુજ સરીખા નિંદક જો તારો, તારક બીરૂદએ સાચ લહોરે. ॥ અબતો૦ ॥ ૯ ॥ જ્ઞાન હીન ગુણ રહિત વિરોધી, લંપટ દીઠ કપાઇ ખરો રે; તોવીન તારક કોઇ ન હોશે, જ્યો જગદીશ્વર શીવ વરો રે. ॥ અબતો૦ ॥ ૧૦ ॥ તિર્યંચ નરક ગતિ દુર નીવારી, ભવશાયરની પીડ હરી રે; આતમરામ અનધ પદ પામતુ, મોક્ષવધુ અબ વેગે વરી રે. ॥ અબતો૦ ॥ ૧૧ ॥

સ્તવન .શ્રીકુંન્થુનાથજીનું.

રાગ (બેની તે મોરા હલવે હલવે ચાલજો) રાસુડાનો

સુજસા નંદન જુગદા વંદન દેવ જો, દેરેરે નવરંગી નિત નિત ભેટીએ રે લોલ, ભેટયાથી શું થાયે મોરી બેની જો, ભવ ભવના પાતીકડાં અલગાં મેલીયે રે લોલ. ॥ ૧ ॥ સુંદર સાડી પેહેરી ચરણા ચીર જો, આવોરે ચોવટડે જિન ગુણ ગાઇયે રે લોલ; જિન ગુણ ગાયે શું થાયે મોરી સયરૂં જો, પરભવ રે સુરપદવી સુંદર પામાયે રે લોલ. ॥ ૨ ॥ શ્રીજુગનાયક લાયક તુમે ભગવંત જો, લાયકરે તુમ સરીખો જગમાં કોયે નહીં રે લોલ; પામી હવે મે તુજ સાશન પરતીત જો, ત્યાંનેરે એક ધીયાને પ્રભુ આવી મલા રેલોલ ॥ ૩ ॥ ઊંચપણો પંચાશ ધનુંપનું માન જો, પાછ્યુંરે વલી આ

ખું લાખ છત્રીશનુંરે લોલ; શ્રીગુરૂ સુમતિ વિજય કવિરાય પશાય જો, અહરનિશરે દીલ ધ્યાન વિષે જગદીશ્વરૂરે લોલ. ॥ ૪॥

સ્તવન શ્રીચિંતામણજીનું.

રાગ (કંગનવા મોરા કરશો ક્ષરક ગયો રે) કુંમરી.

ચિંતામણ પ્રભુ અરજ અરજ કરૂં રે. ॥ ચિંતામણ ॥ ટેક. ॥ તુમ ગુણપાર રે, નહીં કોઇ પાવે રે; શોભા સુણીને આવ્યો ચરણાશું ચિત લાવ્યો, આનંદ મન પામ્યો; ॥ ચિ. ॥ ૧ ॥ કેશર ઘોલી રે, ભરી રે કચોળી રે; હું જિન મંદિરમાં જાઉં, અષ્ટદ્રવ્ય શાથે લ્યાવું, પ્રભુજીકી પુજ રચાવું; ॥ ચિ ॥ ૨ ॥ ફુલ ચડાવું રે, માલા પેરાવું રે; એણી વિધે પ્રભુજી પુજું, મનનો ઉમંગ પુરૂં, આતમ સુખ પામું; ॥ ચિ. ॥ ૩ ॥ કોઇ શંકા મત કરજો રે, પ્રભુ પ્રીતમાં મન ધરજો રે, ગ્નાતા શુત્ર છે શાખી, ભગવંતે એમ ભાખી, એ મુક્તિ પામે ખાસી; ॥ ચિ. ॥ ૪ ॥ ચંદ શુરમાણ રાજારે, જીત્યા કલ્યાણ શોભા રે; ગુણ પદ્મકી હે અરજી, વિષય સુખ મનમાં વરજી, ભક્તિ કરૂં અખંડી; ॥ ચિ. ॥ ૫ ॥

સ્તવન.

રાગ (આનંદ કંદ તું ઇશ અભીનંદન.)

અજર અમર પ્રભુ સીવસુખ કંદન, પ્રથમ પરમ પ્રીતે તુજ પદ વંદન. ॥ ટેક. ॥ અંતર જામી છો. અવીચલ નામી, નાભીરાયા મારૂ દેવીકો નંદન. ॥ અજર ॥ ૧ ॥ તુ જગ તારણું અધમ ઊધારણ, સીવસુખ કારણ કરમની કંદન. ॥ અજર.

॥ ૨ ॥ ભાવનગર મંડણુ પ્રભુ સોહે, દરીશનથી થાયે સબ દુઃખ ખંડન. ॥ં અજર. ॥ ૩ ॥ જૈન ધર્મ પ્રશારક મંડળી, કટન કરત હે કરમ સબ ફંદન. ॥ અજર ॥ ૪ ॥

અથ હોરી.

રાગ (મત નીરખો નારી પ્યારી)

મત છાંડો જિન. દરબારી. ॥ દરબારી રે. ॥ મત છાંડો ॥ ટેક. ॥ મત છાંડો અવીનાશી પ્રભુને, એ છે પર ઉપગારી; અસરણુ સરણ જગતકું તારણુ, પામ્યા ભવજલ પારી; વંદો તુમે સહુ નરનારી. ॥ મત. ॥ ૧ ॥ કૃપાસાગર જ્ઞાત પ્રથી પ્રભુ, આવા ગમણુ નીવારી; અતિ હરખેથી ધરમ બીજને, વાવ્યા અજ્ઞાન નીવારી; ભવી જીવને આધારી. ॥ મત ॥ ૨॥ એવા પ્રભુનું શ્મરણુ કરો તો, ભવજલ તરશો ભારી; દિન દિન ચડતે વધે સુખ સંપદ, નાશે કુમતી નઠારી; ધરો સુમતી સુખકારી. ॥ મત. ॥ ૩ ॥ સુમતિ ધરીને કરો પ્રભુ સેવા, અહરનીશ આનંદ કારી, ઉતમ માંગેયે શાશ્વતા સુખનો, સમકીતનું મુલધારી; વરો શીવવધુ લટકારી. ॥ મત. ॥ ૪॥ આવર્તમાન કાલે બહુ દેશોમાં, જિનદરીશનસુખ કારી; તે પામીજ્યુ નિર્ધન ચીંતામણુ, ભજે મન જતના કારી, બની જૈન મંડળી શારી. ॥ મત.

સ્તવન.

રાગ (હો તુજકુ છાબાસ મ્યે કુચું નં બોલું.)

હો જિન તેરે દર્શ પર વારીયાં. ॥ હો. ॥ ટેક ॥ તુમ વિન ભવ ભવ મેં ભટકંતા, અબ મેરા ઓર નિહારીયાં. ॥ હો. ॥ ૧ ॥

અષ્ટ કરમ મેરે લાર લગે હયે. જિનકું વેગ વિસારીયાં. ॥ હો. ॥ ૨ ॥ ચરણ સરણ[1] ગહે આણ તું સાધે, રૂપચંદ ગુણગારીયાં. ॥ હો. ॥ ૩॥

સ્તવન.

(રાગ) સોરઠ.

મેરો પિયા પરસંગ રમત હયે મેં કૈસે મનાવુંગી. ॥ મેરો. ॥ ટેક. ॥ સોતન સંગ રયન દિન રમતા, મોહે ન બુલાવેરી. ॥ મે. ॥ ૧ ॥ હા હા કરત સખી પઇયાં પરત હું, કોઇ પિયા મિલાવેરી; વિરહાનલ અતિ દુસહ પિયાબિન, કોન બુઝાવેરી. ॥ મે. ॥ ૨ ॥ સુમત સંગ લે અનુભવ આયો, સબ પરઠ શું નાવેરી; જ્ઞાન સાર પ્યાગે હિલમિલ, સોરઠ ગાવેરી. ॥ મે. ॥ ૩ ॥

સ્તવન.

રાગ (દરસન બીન અખીયાં તરશ રહી)

સવા લાખ ટકાની જાય એક ઘડી, એક ઘડીરે જાય એક ઘડી; સવા૦॥ ટેક. ॥ એ સંસાર જ્યેસા સાંબેલા, ઘડપણ આયા ઘોડે ચડી; સવા૦॥ ૧॥ મા માંગી તુંગીને છત્ર ધરાયા, કેનો કંદોરો કેની કડી; સવા૦॥ ૨॥ સાધો ભાઇ જીનને સંભારો, જન્મ દશા જેમ આવી ચડી; સવા૦ ॥ ૩ ॥ કહે લીંબો ભજો ભગવંતને, મોક્ષ જવાની એ વાત ખરી; સવા૦ ॥ ૪॥

દુહા.

ટોચ ઊંચી ડુંગરતણી : ॥ : વણ હિંમત ન ચડાય : ॥
કનક પડયો કંકર વિષે : ॥ : સમજ વિના ન લેવાય : ॥
રસ્તો સિધો ધર્મનો : ॥ : નવી સદ્ગુરૂ વિન પાય : ॥
શીખામણ એ સાંભલો : ॥ : જીમ સંપત સુખ થાય : ॥

વિદ્યાર્થી.

(માસિક ચોપાનિયું.)

દોહરા.

જો વિદ્યાને પ્રીતિથી, ભણશો તમેજ ભાઇ;
વિદ્યા તમને આપશે, અમુલ્ય કિર્તિ સુખદાઇ.

વિદ્યાર્થીઓને વિનતિ.

વિદ્યાર્થી ભાઇઓ! કેવી રીતિએ અભ્યાસ કરવાથી ત ખરા વિદ્યાર્થી (Real students)બનો, પરીક્ષાઓ પાસ કઃ સામાન્ય જ્ઞાન મેળવો, વિદ્યા શિખવામાં તમે ઉત્સાહવાન અ ઉદ્યમી થાઓ, તમારામાબાપ અને પરીક્ષકોથી વખણાઓ, તમ: સારી નીતિ રીતિથી જગતમાં માનપામો. એવા હેતુથી માત્ર તમ ભલું થવાનાજ માર્ગો દેખાડવાને આ ચોપાનીઉં આવતા માસ પ્ટેમ્બરથી બહાર પાડવામાં આવશે. માટે જેઓને આ ગ નારૂં રાખવું હોય તેઓએ આ જાહેર ખબર પોતાના ? ને વંચાવવી. અને એમની રજા લઈ નીચે લખેલે ઠેકાણે નામો સંપટેમ્બર માસની અગાઉ ૯.મી મોકલવાં.

કિંમત વર્ષ દહાડે માત્ર આના આઠ અગાઉથી, વાલા પાસેથી પોસ્ટેજ જુદું.

લા૦ તમારે માટેજ

ઠેકાણું, ધી ડયુક ઑફ્ કૉનાટ
પ્રીન્ટીંગ પ્રેસ.
વિદ્યાર્થી ના એડીટર.

વિ